**વંચાણે લીધા:–**

(૧) ચેરમેન સાહેબ કાનૂની સેવા સમિતિ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસ કોર્ટસ, અમદાવાદ ના કચેરી આદેશ(લિગલ) નં.૩૯/૨૦૨૨, તા.૧૦/૦૮/૨૦૨૨.

(૨) કલેકટર અને જીલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદની કચેરીના હુકમ નં.ડીસી/એડીએમ/ મેટ્રોકોર્ટ/લોક અદાલત/ડોરમેટ કેસ પરત/૨૦૨૨ તારીખ–૦૮/૦૮/૨૦૨૨.

---

**ફોજદારી કેસ નંબર:- 2054/2005**

**પરવાનગી અરજી અન્વયે હુકમ :–**

સરકાર તરફે વિ.એપીપીશ્રીને સાંભળ્યા. સરકારી વકીલશ્રીની રજુઆત તથા હાલની આ અરજી વંચાણે લીધી તથા કલેકટર અને જીલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદની કચેરીના હુકમ નં.ડીસી/એડીએમ/ મેટ્રોકોર્ટ/લોક અદાલત/ડોરમેટ કેસ પરત/૨૦૨૨ તારીખ–૦૮/૦૮/૨૦૨૨ મુજબ સદર કેસ પરત ખેંચવા અંગે મંજુરી આપવામાં આવેલ છે, જે હુકમ વંચાણે લેવામાં આવેલ છે.

આ કેસનું રેકર્ડ જોતા એ જણાય છે કે અગાઉ હાલનો કેસ ડોરમેન્ટ ફાઈલ ઉપર મુકવામાં આવેલ હતો અને આરોપી વિરૂધ્ધ નિયમિતપણે પ્રોસેસ કરવા છતા તેઓને અદાલતમાં તપાસ કરનાર પોલીસ એજન્સી હાજર રાખી શકેલ નથી. આમ, આ કેસમાં આરોપી/આરોપીઓ ઘણા લાંબા સમયથી મળી આવતા નથી અને કેસ ૧૦ વર્ષ કે તેથી વધારે જુનો કેસ છે. સદર કેસમાં આરોપી ઉપર જે ગુનો છે તેમાં મોત કે આજીવન કેદની સજાને પાત્ર જોગવાઈ નથી.આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઈ ગંભીર પ્રકારના ગુન્હાના આક્ષેપો નથી. આમ, આ કેસની સમગ્ર હકીકતો વંચાણે લેતા તથા આરોપી/આરોપીઓ ઘણા લાંબા સમયથી મળી આવતા ન હોય અને કલેકટર અને જીલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ ધ્વારા કેસ પરત ખેંચવા માટે હુકમ કરેલ હોય, રાજય સરકાર ધ્વારા બહાર પાડવામાં આવેલ પરીપત્રોની જોગવાઈઓને ધ્યાને લેતા, નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૧ અનુસંધાને પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

**હુ ક મ**

**(૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૨૧ અન્વયે અત્રેની અદાલતના ઈન્ચાર્જ સરકારી વકીલશ્રીને આ કેસ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને વીડ્રોથી કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને/આરોપીઓને આક્ષેપિત ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨) મુદામાલ અંગે**

(૧) બીન કીમતી મુદ્દામાલનો અપીલ સમય પુરો થયેથી ધોરણસર નીકાલ કરવો.

(૨) મુદામાલ દારુ નો અપીલ સમયબાદ ધોરણસર નીકાલ કરવો.

(૩) આરોપી જો રોકડ જામીન ઉપર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડા નાણા કબ્જે લીધેલ હોય તો અપીલ સમયબાદ નિયમ અનુસાર સરકાર ખાતે જમા કરાવવા.

(૪) અદાલતે વચગાળાના મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમને કાયમ કરવામાં આવે છે.

(૫) કબ્જે લેવાયેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ના હોય અને કબ્જે લેવાયેલા મુદ્દામાલની કિંમત ઉપજી શકે તેમ હોય તો આવો મુદ્દામાલ અપીલ સમય પુરો થયા પછી ધોરણસર નીકાલ લાવી ઉપજેલ નાણા સરકાર ખાતે જમા કરાવવા.

ભવિષ્યમાં જો આરોપી/આરોપીઓ મળી આવવાના સંજોગોમાં ફરિયાદ પક્ષનો કેસ રીઓપન કરવાનો હકક અબાધીત રાખવામાં આવે છે.

આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી લખી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :–૧૩/૦૮/૨૦૨૨

સ્થળ :–અમદાવાદ.

(કમલેશ એન. પ્રજાપતિ)

એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

કોર્ટ નંબર–૧૯, અમદાવાદ.

(Code: GJ00886)